દાખલ તારીખ........... ૧૯/૧૨/૨૦૨૪
રજીસ્ટરે લીધા તારીખ... ૧૯/૧૨/૨૦૨૪
ફેંસલ તારીખ............ ૦૩/૦૪/૨૦૨૬

સમયગાળો..........

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| ૦૧ | ૦૩ | ૧૫ |

**ઊંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઊંઝા.**

ક્રિમીનલ કેસ નં. ૨૬૩૨/૨૦૨૪.
આંકઃ ૦૯.

ફરિયાદીઃ – શ્રી સરકાર.

**વિ રૂ ધ્ધ**

આરોપીઃ – પરમાર સંજયભાઇ S/O મોહનભાઇ વિરસિંગભાઇ,
રહે.બલોલ ગોલ્ક કંપનીની ઓરડીમાં, તા.જી.મહેસાણા.
મૂળ રહે.સીમલીયા તળાઇ ફળીયુ,
તા.ગરબાડા, જી.દાહોદ.

**ગુનાનો ચાર્જઃ** – ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ...

ફરિયાદ પક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી. શ્રી એસ. આર. કચ્છવા.
આરોપી પક્ષ તરફે વિદ્ધાન વકીલ શ્રી એચ.એલ.રાવળ.

**––// જ જ મે ન્ટ //––**

(૧).. આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, '' આજરોજ તેઓ પોણા ચારેક વાગ્યાના સુમારે ઉઠીને નિત્યક્રમ પતાવી આશરે સવા ચારેક વાગ્યાના અરસામાં રામજી મંદિરની સાફ સફાઇ કરવા ગયેલ હતી અને પરોઢના પોણા છ વાગ્યાના સુમારે મંદિરેથી પરત આવેલ તે વખતે તેમના ઘર આગળનું બારણુ નકુચો તોડેલ હતો અને તાળુ જણાતુ ન હતુ. જેથી તેણે

તેમના ઘરમાં જતાં પ્રથમ ખંડમાં કંઇ ગયેલાનું જણાતુ ન હતુ પરંતુ ઓરડામાં જતા લાકડાનું કબાટ ખુલ્લુ હતુ તેમાંનો સામાન બધો નીચે વેર વિખેર પડેલ હતો. જેથી તેણે તિજોરી જોતા તેમના ઘર ખર્ચ સારૂ રાખેલ રૂા.૩૦,૦૦૦/– રોકડા જેમાં જુદા–જુદા દરની નોટો હતી તેમજ સોનાની હાથે પહેરવાની બંગડી નંગ–૨ આશરે વજન ૨૫ ગ્રામ આશરે કિ.રૂા.૪૫,૦૦૦/– તથા ચાંદીના આશરે ૧૦ ગ્રામના સિક્કા નંગ–૧૨ વજન આશરે ૧૨૦ ગ્રામ જેની આશરે કિ.રૂા.૫,૫૦૦/– મળી આશરે કુલ કિ.રૂા.૮૦,૫૦૦/– ની મતાની ચોરી કરી, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ, ફરિયાદીએ ઊંઝા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા અને તપાસના અંતે આરોપી વિરૂદ્ધ ગુના અંગે પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨).. ત્યારબાદ, આ કામનું રેકર્ડ જોતાં હાલનો કેસ સને ૨૦૨૪ ની સાલનો છે અને આરોપીને અવાર–નવાર સમન્સ–વૉરંટ ઈસ્યુ કરવા છતાં ઘણા સમયથી પ્રોસેસની બજવણી થયેલી ના હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના જુના કેસો નિકાલ કરવાની સુચના મુજબ ક્રિમીનલ મેન્યુઅલ પેરા નં.૨૧૧ મુજબ ડોરમેન્ટ રજીસ્ટરે ચઢાવી, ડોરમેન્ટ તરીકે મૂકવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ, આ કામના આરોપી મુદતે હાજર રહેતા ના હોઈ અને આરોપીને અવાર–નવાર સમન્સ–વૉરંટ ઈસ્યુ કરવા છતાં ઘણા સમયથી પ્રોસેસની બજવણી કરાવવા છતાં આરોપી મુદતે નામદાર કોર્ટમાં હાજર રહેતા ના હોઈ અને નજીકના ભવિષ્યમાં પણ હાજર રહે તેવી કોઈ સંભાવના રેકર્ડ જોતાં જણાતી ના હોઈ, સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં ચલાવવાનો હુકમ આંક–૧ તળે કરવામાં આવેલ અને આ કામની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ કેસ

તરીકે આગળ ચલાવી ફરિયાદ પક્ષે રજૂ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લઈ કેસ આખરી નિર્ણય ઉપર લેવામાં આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રીએ આ બનાવના મુખ્ય ચાર્જશીટ વાળા ક્રિ.કેસ નં.૩૬૧૬/૨૦૨૧ ના કામે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો રજુ રાખેલ છે અને તે સિવાય તેઓ અન્ય કોઈ સાહેદ તપાસવા માગતા નથી તેવું જાહેર કરેલ છે. તેથી ફરીયાદપક્ષે આ કામે મુખ્ય ચાર્જશીટ વાળા ક્રિ.કેસ નં.૩૬૧૬/૨૦૨૧ ના કામે તપાસવામાં આવેલ સાહેદોના રજુ પુરાવા આધારે નિર્ણય કરવામાં આવેલ છે.

(૩).. ફરિયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે.

**(એ) મૌખિક પુરાવોઃ–**

૧. આંક–૦૩ થી ફરિયાદી પટેલ સવિતાબેન અમરતભાઈની જુબાની.

૨. આંક–૦૫ થી પંચ સાહેદ પટેલ મિતુલકુમાર જશવંતભાઈની જુબાની.

૩. આંક–૦૭ થી પંચ સાહેદ ઠાકોર મહેશજી જુહાજીની જુબાની.

(બી) **દસ્તાવેજી પુરાવોઃ–**

૧. આંક–૦૪ થી ફરિયાદીની ફરિયાદ.

૨. આંક–૦૬ થી ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામું.

૩. આંક–૦૮ થી આરોપી ચોરી કરેલ તે જગ્યા બતાવતા હોવા અંગેનું પંચનામું.

આ સિવાય ફરિયાદ પક્ષે બીજો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(૪).. ઉપરોક્ત સાહેદ તપાસ્યા બાદ ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫).. આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓઃ</u>–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી તારીખ ૦૯/૦૩/૨૦૨૧ ના રોજ કલાક ૦૪.૧૫ થી કલાક ૦૫.૪૫ વાગ્યા દરમિયાન હરકોઈ વખતે મોજે ઉંઝા ટાઉન સટા હોલ બાવાવાળો માઢ ખાતે તહોમતદારોએ ફરીયાદીના મકાનનું તાળુ તોડી ઘરની અંદર પ્રવેશ કરી ફરીયાદીની તીજોરી તથા લાકડાના કબાટમાંથી સોનાની હાથે પહેરવાની બંગડી નંગ–૨ આશરે ૨૫ ગ્રામ તથા ચાંદીના ૧૦ ગ્રામના સ્કિકા નંગ–૧૨ આશરે ૧૨૦ ગ્રામ તથા રોકડ રકમ રૂા.૩૦,૦૦૦/– એમ મળી કુલ કિ. રૂા. ૮૦,૫૦૦/– નો મુદામાલ ચોરી કરી લઈ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૫.૧).. ઉપરના મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>નિર્ણયોઃ</u>–**

મુદ્દા નં. ૧ – નકારમાં.

મુદ્દા નં. ૨ – આખરી હુકમ મુજબ.

## –: ફરિયાદ પક્ષે રજૂ પુરાવો :–

**(૬)..** ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોક્ત પુરાવો વંચાણે લઈએ તો હાલના કામે આંક–૦૫ થી પંચ સાહેદ પટેલ મિતુલકુમાર જશવંતભાઈને તથા આંક–૦૭ થી પંચ સાહેદ ઠાકોર મહેશજી જુહાજીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદોની જુબાની દરમિયાન આંક–૦૬ થી ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામું રજૂ થયેલ છે. આ પંચ સાહેદોની સોગંદ ઉપરની જુબાની એકી સાથે વંચાણે લેતાં તેઓએ જણાવેલ છે કે, ઊંઝા પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી, તેઓ રૂબરૂમાં કોઈ પંચનામું થયેલ નથી. આમ, સદર પંચ સાહેદો પોતાની જુબાની દરમિયાન આંક–૦૬ તથા આંક–૦૮ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. તે સિવાય બીજું કાંઈ જાણતા નથી કે તેઓની રૂબરૂ કોઈ પંચનામું થયેલ નથી.

**(૬.૧)..** આ કામે આંક–૦૩ થી ફરિયાદી પટેલ સવિતાબેન અમરતભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તારીખ ૦૯/૦૨/૨૦૨૧ ના દિવસે સવારના ૦૪.૧૦ વાગે રામજી મંદિર, સટ્ટાહોલની બાજુમાં ત્યાં સવારે સાફસફાઈ કરવા માટે ફરિયાદી ઉઠીને ગયેલી અને ત્યાં મંદિર સાફ કરીને ૦૬.૦૦ વાગે મંદિરથી તેમના ઘરે પરત આવીને જોયેલ તો તેમનું ઘરનું બારણું ખુલ્લુ હતુ અને ઘરની અંદર બધો સામાન વેરવિખેર પડેલ હતો, તેમના ઘરના કબાટમાં મૂકેલ બે સોનાની બંગડીઓ અને ચાંદીના ૧૦ થી ૧૨ જેટલા સિક્કાઓ તથા રૂ.૩૦,૦૦૦/– રોકડા ની ચોરી થયેલ હોવાનું માલુમ પડેલ. સોનાની બંગડી તથા ચાંદીના સિક્કાઓ તથા રોકડ રકમ મળીને કુલ રૂ.૮૦,૫૦૦/– ની ચોરી ફરિયાદીના ઘરમાંથી કોઈ અજાણ્યા માણસે કરેલી, જે બનાવ

અનુસંધાને તેઓએ ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી. તેઓએ ફરિયાદમાં ફરિયાદી તરીકેની પોતાની સહી ઓળખી બતાવેલ. જે ફરિયાદ આંક–૦૪ થી રજૂ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસ તપાસ દરમિયાન તેમની ચોરી થયેલ વસ્તુ કે રૂપિયા આજદિન સુધી મળી આવેલ નથી. પેપરમાં ચોરીના આરોપી પકડેલ હોય તે બાબતના સમાચાર તેઓએ જાણેલા, તેઓએ કોઈ આરોપીને જોયેલ નહી. આ બનાવ અનુસંધાને તારીખ ૦૯/૦૩/૨૦૨૧ ના રોજ ૦૫.૦૦ થી ૦૫.૩૦ વચ્ચે બનાવવાળી જગ્યા તેઓએ પોલીસને બતાવેલી, તે જગ્યાનું બે પંચોની હાજરીમાં પોલીસે પંચનામું લખી લીધેલ.

ફરિયાદીની આરોપી તરફેના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સોનાની બંગડી તથા ચાંદીના સિક્કા બાબતેના કોઈ બિલ તેઓએ પોલીસને આપેલ નથી. તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે, વર્ષો પહેલાં લીધેલ હોઈ જેના બિલ તેઓ પાસે નહોતા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રોકડ રકમ તેઓના ઘરે કયાંથી આવેલ તેનો આધાર પુરાવો તેઓએ રજૂ કરેલ નથી, ત્યારબાદ જણાવેલ કે, થોડા થોડા કરીને બચત ભેગી કરેલી.

(૭).. <u>પુરાવાનું મૂલ્યાંકન અને મુદ્દાઓના નિર્ણયઃ–</u>

ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિદ્ધાંત અત્રે નોંધવા જરૂરી જણાય છે.

(૧) "ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો રહે છે. જો તેમ કરવામાં ફરિયાદ પક્ષ સફળ થાય નહી, અને વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરી શકે નહી, તો આરોપીને જે તે તહોમત બદલ

દોષિત ઠરાવી શકાય નહી."

(૨) "કોઈ ફોજદારી કેસમાં આરોપી પોતે નિર્દોષ છે, તેવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી. પરંતું આરોપી દોષિત છે, તે હકીક્ત વ્યાજબી શંકાથી રહીને ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. આરોપીએ તો માત્ર પોતાના બચાવ દ્વારા ફરિયાદપક્ષે રજૂ પુરાવા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન કરવાની છે.

વ્યાજબી શંકા એટલે કોઈ હકીકત, બનાવ કે ઘટનાના અસ્તિત્વ વિશે સામાન્ય સમજ શકિત ધરાવતી વ્યકિતના મનમાં શંકા ઉભી થાય તેવી શંકા.

ફોજદારી ન્યાય પ્રણાલીના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે ? તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી ? તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે, દરેક કેસની હકીકતો, પુરાવો, આજુબાજુના પરિબળો તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. નામદાર સવોચ્ચ અદાલતે ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં. ૨૪૭ (ક્રિમીનલ) “સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ”ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરિબળો તેમજ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય, ત્યારે તેમાં વિરોધાભાષ,

અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય, તો તેવો પુરાવો સ્વિકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાષ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે.

It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to through the case erboard, if true in main. If there is ring of truth in the main, the case should not be rejected.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડિસ્કાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે ?, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે ?, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે ? તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મૂલ્યાંકન કરવું જોઈએ.

આ કામે આરોપી સામે મુખ્યત્વે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે, તે ધ્યાને લેતાં તે અંગેની કાયદાકીય જોગવાઈ નીચે મુજબની વિગતે ધ્યાને લેવામાં આવેલ છે.

**<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭</u> :–**

જે કોઈ વ્યક્તિ કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવા માટે રાત્રે ગુપ્ત ગૃહ અપપ્રવેશ કરે અથવા ઘરફોડ કરે તેને પાંચ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પણ પાત્ર થશે અને કરવા ધારેલો ગુનો ચોરીનો હોય તો તેને ચૌદ વર્ષ સુધીની કેદની શિક્ષા કરી શકાશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૦ :–**

જે કોઈ વ્યકિત કોઈ મકાન, તંબુ અથવા વહાણ માણસોના રહેણાંક માટે અથવા માલ મિલકત રાખવા માટે ઉપયોગમાં લેવાતું હોય તેમાંથી ચોરી કરે તેને સાત વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ :–** મદદગારી અંગેની છે.

જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭, ૩૮૦ મુજબનું કૃત્ય કરવામાં આરોપીઓએ એકબીજાને મદદગારી કરી હતી તેવી હકીકત ફરિયાદ પક્ષે પ્રસ્થાપિત કરવાની રહે છે.

(૮).. ઉપરોકત જોગવાઈઓ તથા કાયદાના સ્થાપિત સિદ્ધાંતો નજર સમક્ષ રાખીને આ કામે ફરિયાદ પક્ષે રજૂ પુરાવાનું નીચે મુજબ મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

આ કામે ઉપરોકત ફરિયાદપક્ષે રજૂ ફરિયાદીનો પુરાવો જોતાં, આ કામના આંક–૦૩ થી ફરિયાદી પટેલ સવીતાબેન અમરતભાઈનો પુરાવો વંચાણે લેતાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, ફરીયાદીના રહેણાંક ઘરમાંથી કબાટમાં મૂકેલ બે સોનાની બંગડીઓ અને ચાંદીના ૧૦ થી ૧૨ જેટલા સિક્કાઓ તથા રૂ.૩૦,૦૦૦/– રોકડા ની ચોરી થયેલ હોવાનું માલુમ પડેલ. સોનાની બંગડી તથા ચાંદીના સિક્કાઓ તથા રોકડ રકમ મળીને કુલ રૂ.૮૦,૫૦૦/– ની ચોરી ફરિયાદીના ઘરમાંથી કોઈ અજાણ્યા માણસે કરેલી જેની તેઓએ ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલાનું જણાવે છે તેમજ પોલીસ તપાસ દરમિયાન તેમની ચોરી થયેલ વસ્તુ કે રૂપિયા આજદિન સુધી મળી આવેલ નથી. તેમજ ઉલટ તપાસ દરમિયાન તેઓએ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી, સોનાની બંગડી તથા ચાંદીના સિક્કા બાબતેના કોઈ બિલ તેઓએ પોલીસને આપેલ નથી, વર્ષો પહેલાં લીધેલ હોઈ જેના બિલ તેઓ

પાસે નહોતા, રોકડ રકમ તેઓના ઘરે કયાંથી આવેલ તેનો આધાર પુરાવો તેઓએ રજૂ કરેલ નથી, તેવી જ રીતે, આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલા પંચ સાહેદોનો પુરાવો વંચાણે લેતાં તેઓએ પોતાના પુરાવામાં ઊંઝા પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી, તેઓ રૂબરૂમાં કોઈ પંચનામું થયેલ નથી તેવી હકીકત જણાવેલ છે જેથી આંક-૦૬ અને આંક-૦૮ વાળાં પંચનામાં પુરવાર થતાં નથી. આમ, સોગંદ ઉપર તપાસવામાં આવેલા ફરિયાદી તથા સાહેદોની જુબાની ઉપરથી હાલનો ચોરીનો બનાવ બનેલ હોવાનું સ્પષ્ટ થાય છે પરંતુ આ ચોરી કોણે કરી, ક્યારે કેટલા વાગ્યે કરી એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી. તેમજ હાલના કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલા પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી. આમ, ફરિયાદી સાહેદના પુરાવા ઉપરથી ચોરીનો બનાવ બનેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ આ બનાવમાં હાલના આરોપી દ્વારા જ ચોરી કરવામાં આવેલી હોય તેવી હકીકત એકપણ સાહેદ દ્વારા કે ફરિયાદી દ્વારા જણાવેલ નથી તે સંજોગોમાં હાલના આરોપી દ્વારા જ ફરિયાદીના ઘરના કબાટમાં મૂકેલ બે સોનાની બંગડીઓ અને ચાંદીના ૧૦ થી ૧૨ જેટલા સિક્કાઓ તથા રૂ.૩૦,૦૦૦/- રોકડા ની ચોરી થયેલ હોવાનું માલુમ પડેલ. સોનાની બંગડી તથા ચાંદીના સિક્કાઓ તથા રોકડ રકમ મળીને કુલ રૂ.૮૦,૫૦૦/- ની ચોરી કરેલ હોય તેવી હકીકત પુરવાર થયાનું માની શકાય તેવો કોઈ પુરાવો રજૂ નથી.

તે સંજોગોમાં, હાલના કામે ચોરી થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે પરંતુ આ ચોરી કોણે કરેલી તે બાબતેની કોઈ હકીકત ફરિયાદીની જુબાનીથી રેકર્ડ ઉપર આવતી નથી. તેવી જ રીતે, આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલા પંચ સાહેદોના પુરાવા થકી પણ ચોરીનો બનાવ બનેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે પરંતુ આ ચોરીના બનાવમાં હાલના આરોપીનો

રોલ હોય કે સંડોવણી હોય તેવી કોઈ જ હકીકત ઉપરોક્ત સાહેદોના પુરાવા થકી પુરવાર થતું નથી કે બનાવ કોઈએ નજરે જોયેલ નથી. ફરિયાદ પક્ષે તપાસેલ તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં આરોપી દ્વારા જ ફરિયાદીના ઘરના કબાટમાં મૂકેલ બે સોનાની બંગડીઓ અને ચાંદીના ૧૦ થી ૧૨ જેટલા સિક્કાઓ તથા રૂ.૩૦,૦૦૦/-મળી કુલ રૂા.૮૦,૫૦૦/- રોકડા ની ચોરી કરી તેવી હકીકત પુરવાર થતી નથી. જેથી ઉપરોકત વિગતો જોતાં આ કામના આરોપીએ દ્વારા જ ચોરી થયેલી હોય તેવી હકીકત વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર થયાનું માની શકાય તેવો કોઈ સબળ પુરાવો ફરિયાદપક્ષે રજૂ નથી.

(૯).. આમ, આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ તપાસવામાં આવેલ ફરિયાદી, સાહેદોની જુબાનીથી તેમજ રજૂ દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવું પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપી દ્વારા જ ફરિયાદીના ઘરના કબાટમાં મૂકેલ બે સોનાની બંગડીઓ અને ચાંદીના ૧૦ થી ૧૨ જેટલા સિક્કાઓ તથા રૂ.૩૦,૦૦૦/- રોકડા મળી કુલ રૂા.૮૦,૫૦૦/- ની ચોરી કરેલ અને તેમ કરીને આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ. જેથી આરોપીને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં."૧" નો જવાબ નકારમાં ઠરાવીને મુદ્દા નં."૨" અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-:: **આ ખ રી  હુ ક મ** ::-

- આ કામના આરોપી પરમાર સંજયભાઈ S/O મોહનભાઈ વિરસિંગભાઈ, રહે.બલોલ ગોલ્ક કંપનીની ઓરડીમાં, તા.જી.મહેસાણા. મૂળ રહે.સીમલીયા તળાઈ ફળીયુ, તા.ગરબાડા, જી.દાહોદનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) તથા

કલમ–૩૫૩(૬) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

- આ કામે રેકર્ડ ધ્યાને લેતાં કોઈ મુદ્દામાલ પાવતી રજુ નથી કે ચાર્જશીટમાં પણ આ અંગે કોઈ ઉલ્લેખ નથી તેથી મુદ્દામાલ અં ગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

- હાલના કામે જો અપીલ થાય તો આરોપીએ એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ, આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૩જી એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૩/૦૪/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**દેવિન્દ્રકુમાર અશોકકુમાર રાવલ**
CODE No. GJ 01095
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઊંઝા.

Add. Chief Judi. Magi.,
Unjha.